સૌથી મહત્વના નિયમો અને શરતો

IDBI બેંક ક્રેડિટ કાર્ડ

"સૌથી મહત્વના નિયમો અને શરતો" (MITC) એ IDBI બેંકના તમામ ક્રેડિટ કાર્ડ્સ/કાર્ડ સભ્યો/ક્રેડિટ કાર્ડના અરજદારો/ગ્રાહકો અથવા બેંકના ક્રેડિટ કાર્ડ પ્રોડક્ટમાં રસ ધરાવતા સામાન્ય જનતાના સભ્યોને લાગુ પડે છે. આ MITC બેંકની વિવેકબુદ્ધિ અનુસાર અને સમયાંતરે લાગુ પડતા કાયદાઓ મુજબ ફેરફારને પાત્ર છે. આ શરતો "કાર્ડધારક કરાર" (Cardholder Agreement) ના નિયમો અને શરતો ઉપરાંત છે અને તેની સાથે વાંચવી જોઈએ. જો MITC અને કાર્ડધારક કરાર વચ્ચે કોઈ વિસંગતતા જણાય, તો જ્યાં સુધી અહીં અન્યથા નિર્દિષ્ટ કરવામાં ન આવે ત્યાં સુધી, કાર્ડધારક કરાર માન્ય ગણાશે. અહીં વપરાયેલા તમામ શબ્દો કે જેની અહીં વ્યાખ્યા કરવામાં આવી નથી, તેનો અર્થ કાર્ડધારક કરાર હેઠળ આપવામાં આવેલ અર્થ મુજબ રહેશે.

1. ફી અને ચાર્જનું સમયપત્રક

a) જોડાણ ફી અને વાર્ષિક સભ્યપદ ફી

જોડાણ ફી અને વાર્ષિક સભ્યપદ ફી પ્રાથમિક અને એડ-ઓન (add-on) ક્રેડિટ કાર્ડ પર લાગુ થાય છે. કાર્ડધારક દ્વારા જે ઓફર હેઠળ IDBI બેંક ક્રેડિટ કાર્ડ મેળવવામાં આવ્યું હોય તે મુજબ આ ફી અલગ-અલગ હોઈ શકે છે. લાગુ પડતી આ ફી, જેમાં કોઈપણ એડ-ઓન કાર્ડધારક(ઓ)ની ફીનો સમાવેશ થાય છે, તે કાર્ડધારકના ક્રેડિટ કાર્ડ ખાતામાં કાર્ડ ઇશ્યૂ/રિન્યુઅલ વખતે વસૂલવામાં આવે છે અને જે મહિનામાં તે વસૂલવામાં આવે તે મહિનાના માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં તે દર્શાવવામાં આવશે. જો ક્રેડિટ કાર્ડ બંધ કરવામાં આવે, તો ફીનું કોઈ રિફંડ મળશે નહીં. વર્તમાન શુલ્ક સાથે જોડેલા "ફી અને શુલ્કના સમયપત્રક" માં દર્શાવવામાં આવ્યા છે.

b) કેશ એડવાન્સ ફી

કાર્ડધારક ભારત અને વિદેશમાં IDBI બેંક અથવા અન્ય ATM પર ચોવીસે કલાક રોકડ ઉપાડની સુવિધા મેળવી શકે છે. ટ્રાન્ઝેક્શનની રકમના 2.5% અથવા રૂ. 500, બેમાંથી જે વધારે હોય તે મુજબની ટ્રાન્ઝેક્શન ફી રોકડ ઉપાડના સમયે તમામ વ્યવહારો પર લેવામાં આવશે અને તે પછીના માસિક સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને બિલ કરવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ફીમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર IDBI બેંક પાસે અબાધિત છે. રોકડ એડવાન્સ વ્યવહારો પર ઉપાડની તારીખથી દૈનિક બાકી રકમ પર પ્રવર્તમાન દરે ફાઇનાન્સ ચાર્જ (વ્યાજ) પણ લાગશે. ફાઇનાન્સ ચાર્જ બિલિંગ સાયકલના છેલ્લા દિવસે ક્રેડિટ કાર્ડ ખાતામાં ઉધાર (Debit) કરવામાં આવશે.

c) શુલ્ક

(i) સમયાંતરે લાગુ પડી શકે તેવા શુલ્ક અને ફી, કાર્ડ સભ્યને પૂરી પાડવામાં આવતી વિશિષ્ટ સેવાઓ માટે અથવા કાર્ડ સભ્ય દ્વારા તેમના કાર્ડ ખાતાના સંદર્ભમાં કરવામાં આવતી ભૂલો (Defaults) માટે IDBI બેંક દ્વારા વસૂલવા પાત્ર છે.

(ii) IDBI બેંક સમયાંતરે કોઈપણ શુલ્ક અથવા ફીમાં ફેરફાર કરવાનો અથવા ગ્રાહકને યોગ્ય જાણકારી આપીને નવા શુલ્ક અથવા ફી દાખલ કરવાનો અધિકાર અનામત રાખે છે.

(iii) કૃપા કરીને નોંધ લેશો કે લાગુ પડતા પરોક્ષ વેરા, જેમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) નો સમાવેશ થાય છે, તે અમારી

તમામ ફી, શુલ્ક અને પ્રવર્તમાન પરોક્ષ વેરા હેઠળ કરપાત્ર અન્ય કોઈપણ રકમ પર વસૂલવામાં આવશે.

(iv) જો નિયત તારીખ (Due Date) સુધીમાં લઘુત્તમ બાકી રકમ (Minimum Amount Due) ચૂકવવામાં ન આવે તો મોડા ચુકવણીનો ચાર્જ (Late Payment Charge) લાગુ થશે.

(v) જો કુલ બાકી રકમ નિર્ધારિત ક્રેડિટ મર્યાદા (Credit Limit) કરતા વધી જાય તો ઓવર લિમિટ ચાર્જ (Over limit charges) લાગુ થશે.

(vi) તમામ વિદેશી ચલણના વ્યવહારો (Foreign currency transactions) માટે ઉપયોગમાં લેવાતો વિનિમય દર (Exchange rate) Visa/MasterCard/Rupay અને IDBI બેંક દ્વારા નક્કી કરવામાં આવશે અને તે કાર્ડધારક માટે બંધનકર્તા રહેશે. તમામ આંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે ક્રોસ-કરન્સી કન્વર્ઝન રેટ ઉપરાંત 3.5% નો માર્ક-અપ ચાર્જ લાગશે.

d) વ્યાજમુક્ત સમયગાળો

વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો 18 થી 48 દિવસ સુધીનો હોઈ શકે છે, જે ચોક્કસ ક્રેડિટ કાર્ડ પર લાગુ સ્કીમ (કૃપા કરીને ફી અને શુલ્કનું સમયપત્રક જુઓ) અને વેપારી (Merchant) દ્વારા ક્લેમ સબમિટ કરવા પર આધારિત છે. જો કે, જો ગયા મહિનાની બાકી રકમ પૂરેપૂરી ચૂકવવામાં ન આવી હોય અથવા જો કાર્ડ સભ્યએ ATM માંથી રોકડ ઉપાડી હોય, તો આ સુવિધા લાગુ પડશે નહીં.

ઉદાહરણ તરીકે: 21 જૂન થી 20 જુલાઈના સમયગાળાના સ્ટેટમેન્ટ માટે, ચુકવણીની નિયત તારીખ (Payment due date) 07 ઓગસ્ટ હશે. એમ માની લઈએ કે તમે તમારા ગયા મહિનાના સ્ટેટમેન્ટની કુલ બાકી રકમ નિયત તારીખ સુધીમાં ચૂકવી દીધી છે, તો વ્યાજમુક્ત સમયગાળો આ મુજબ રહેશે:

1. 21 જૂનના રોજ કરેલી ખરીદી માટે, વ્યાજમુક્ત સમયગાળો 21 જૂન થી 07 ઓગસ્ટ એટલે કે 48 દિવસ રહેશે.

2. 14 જુલાઈના રોજ કરેલી ખરીદી માટે, વ્યાજમુક્ત સમયગાળો 14 જુલાઈ થી 07 ઓગસ્ટ એટલે કે 25 દિવસ રહેશે. આમ, વ્યાજમુક્ત સમયગાળો ખરીદીની તારીખના આધારે બદલાઈ શકે છે. જો કે, જો ગયા મહિનાની કુલ બાકી રકમ નિયત તારીખ સુધીમાં ચૂકવવામાં ન આવે, તો ફ્રી ક્રેડિટ પિરિયડનો લાભ મળશે નહીં અને કોઈ વ્યાજમુક્ત સમયગાળો રહેશે નહીં. રોકડ ઉપાડ (Cash advances) માટે, વ્યવહારની તારીખથી ચુકવણીની તારીખ સુધી વ્યાજ વસૂલવામાં આવે છે.

નોંધ: ફી અને શુલ્કના સમયપત્રક માટે કૃપા કરીને પરિશિષ્ટ (Annexure) જુઓ.

2. ફાઇનાન્સ/ઈન્ટરેસ્ટ /સર્વિસ ચાર્જ

(i) જો કાર્ડ સભ્ય તેની બાકી રકમ સંપૂર્ણ ચૂકવવાનું પસંદ ન કરે, તો તમામ વ્યવહારો પર વ્યવહારની તારીખથી માસિક ટકાવારી દરે ફાઇનાન્સ ચાર્જ ચૂકવવાપાત્ર થશે. તેમજ કાર્ડ સભ્ય દ્વારા લેવામાં આવેલ તમામ રોકડ ઉપાડ પર પણ જ્યાં સુધી તે પરત ન ચૂકવાય ત્યાં સુધી આ ચાર્જ લાગશે. ફાઇનાન્સ ચાર્જ, જો લાગુ હોય તો, જ્યાં સુધી કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી કાર્ડ સભ્યના ખાતામાં ઉધાર (Debit) કરવામાં આવે છે.

(ii) રોકડ ઉપાડ પર ફાઇનાન્સ ચાર્જ વ્યવહારની તારીખથી લઈને સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી લાગુ પડે છે.

(iii) જ્યારે ગ્રાહક કોઈપણ બાકી રકમ આગળ ખેંચે છે (Carry forward) અથવા રોકડ ઉપાડની સુવિધાનો ઉપયોગ કરે છે, ત્યારે દૈનિક બાકી રકમ પર ગણવામાં આવતો ફાઇનાન્સ ચાર્જ, આગળ ખેંચાયેલી બાકી રકમ અને નવા બિલિંગ બંને પર લાગુ થશે.

(iv) જો કોઈ કાર્ડધારક IDBI બેંક ક્રેડિટ કાર્ડની રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધાનો ઉપયોગ કરે છે અને તેથી માસિક બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ કુલ બાકી રકમ કરતા ઓછી રકમ ચૂકવવાનું પસંદ કરે છે, તો સંપૂર્ણ બાકી રકમ પર ફાઇનાન્સ ચાર્જ લાગશે અને જ્યાં સુધી અગાઉની બાકી રકમ સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી તમામ નવા વ્યવહારો પર પણ ફાઇનાન્સ ચાર્જ લાગશે.

(v) જો નિયત તારીખ સુધીમાં 'મિનિમમ અમાઉન્ટ ડ્યૂ" ચૂકવવામાં ન આવે તો 'લેટ પેમેન્ટ ચાર્જ' લાગુ થશે. લઘુત્તમ બાકી રકમ એ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ રકમ છે. લેટ પેમેન્ટ ચાર્જથી બચવા માટે, ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં IDBI બેંક કાર્ડ ખાતામાં રકમ જમા થવી જરૂરી છે. લેટ પેમેન્ટ ચાર્જ નીચે મુજબ લાગુ પડે છે:

લેટ પેમેન્ટ ફી (દરેક પ્રસંગે, બાકી રકમના આધારે)	< = રૂ. 500 – Nil > રૂ. 500 to < = રૂ. 5000 - ₹400 > રૂ. 5000 to < = રૂ. 10000 - ₹500 > રૂ. 10000 to < = રૂ. 20000 - રૂ. 750 > રૂ. 20000 - રૂ. 950

(vi) ક્રેડિટ મર્યાદા (Credit Limit) કરતા વધી ગયેલ કુલ બાકી રકમ પર ઓવર લિમિટ ચાર્જ લાગુ થશે, જે ઓવર લિમિટ થયેલી રકમના 2.5% અથવા ઓછામાં ઓછા રૂ.500 રહેશે.

નીચેનું ઉદાહરણ વિવિધ શુલ્કની ગણતરી કરવાની પદ્ધતિ દર્શાવશે -

<u>ઉદાહરણ 1: રિટેલ ખરીદી પર ઇન્ટરેસ્ટ/સર્વિસ ચાર્જ (બાકી રકમની આંશિક ચુકવણી)</u>

ધારો કે તમે અગાઉની તમામ બાકી રકમ પૂરેપૂરી ચૂકવી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ રકમ બાકી નથી. તમારી સ્ટેટમેન્ટ તારીખ દરેક મહિનાની 20મી તારીખ છે. તમારા કાર્ડ ખાતા પર તમે કરેલા વ્યવહારોની સૂચિ નીચે મુજબ છે:

તારીખ	વ્યવહારની વિગત	રકમ
10 એપ્રિલ	ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી	રૂ. 15,000/-

15 એપ્રિલ	કપડાં અને એસેસરીઝની ખરીદી	રૂ. 5,000/-
20 એપ્રિલ	સ્ટેટમેન્ટ તારીખ	કુલ બાકી રકમ (TAD) = રૂ. 20,000/- લઘુત્તમ બાકી રકમ (MAD) = રૂ. 1,000/-
08 મે	ચુકવણીની નિયત તારીખ	કુલ બાકી રકમ = રૂ. 20,000/- લઘુત્તમ બાકી રકમ = રૂ. 1,000/-
12 મે	કાર્ડ ખાતામાં ચુકવણી જમા *(અહીં લેટ પેમેન્ટ ચાર્જ લાગુ થશે)*	રૂ. 2,000 (ક્રેડિટ)
14 મે	કરિયાણાની ખરીદી	રૂ. 1,000/-
15 મે	કાર્ડ ખાતામાં ચુકવણી જમા	રૂ. 15,000 (ક્રેડિટ)

આમ, 20 મે ના રોજ સ્ટેટમેન્ટમાં તમારી ચૂકવવાપાત્ર કુલ રકમના ભાગ રૂપે નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવશે:

વ્યાજની ગણતરી = (બાકી રકમ x 2.90% પ્રતિ માસ x 12 મહિના x દિવસોની સંખ્યા) / 365*

તેથી,

(a) વ્યાજની ગણતરી:

રૂ.15,000 પર 2.90% પ્રતિ માસના દરે 10 એપ્રિલથી 11 મે સુધી (એટલે કે 32 દિવસ માટે) = રૂ 457.64

રૂ. 13,000 પર 2.90% પ્રતિ માસના દરે 12 મેથી 14 મે સુધી (એટલે કે 3 દિવસ માટે) = રૂ 37.18

રૂ. 5,000 પર 2.90% પ્રતિ માસના દરે 15 એપ્રિલથી 14 મે સુધી (એટલે કે 30 દિવસ માટે) = રૂ 143.01

રૂ. 3,000 પર 2.90% પ્રતિ માસના દરે 15 મેથી 20 મે સુધી (એટલે કે 5 દિવસ માટે) = રૂ 14.30

રૂ. 1,000 (નવી ખરીદી) પર 2.90% પ્રતિ માસના દરે 14 મેથી 20 મે સુધી (એટલે કે 6 દિવસ માટે) = રૂ5.72

આમ, કુલ વ્યાજ રૂ 657.85 થશે.

(b) લેટ પેમેન્ટ ચાર્જ (મોડા ચુકવણીનો શુલ્ક) = રૂ. 750

(c) GST (@ 18%) વ્યાજ અને અન્ય શુલ્ક પર = રૂ. 253.41

(d) કુલ બાકી મુદ્દલ રકમ = રૂ. 4,000 (રૂ. 1,000 નવી ખરીદી + ગયા મહિનાના બિલિંગ ગાળાની બાકી રહેલી રૂ 3,000 ની રકમ).

(e) આથી, કુલ ચૂકવવાપાત્ર રકમ (Total Amount Due) = (a) + (b) + (c) + (d) = રૂ. 5,661.26

ઉદાહરણ 2: રિટેલ ખરીદી પર વ્યાજ/સર્વિસ ચાર્જ (નિયત તારીખ પછી બાકી રકમની સંપૂર્ણ ચુકવણી)

ધારો કે તમે અગાઉની તમામ બાકી રકમ પૂરેપૂરી ચૂકવી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ રકમ બાકી નથી. તમારી સ્ટેટમેન્ટ તારીખ દરેક મહિનાની 20મી તારીખ છે.

તમારા કાર્ડ ખાતા પર તમે કરેલા વ્યવહારોની સૂચિ નીચે મુજબ છે:

તારીખ	વિગત	રકમ
એપ્રિલ10	ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી	રૂ. 15,000/-
એપ્રિલ15	કપડાં અને એસેસરીઝની ખરીદી	રૂ. 5,000/-
એપ્રિલ 20	સ્ટેટમેન્ટ તારીખ	કુલ બાકી રકમ = રૂ. 20,000/- લઘુત્તમ બાકી રકમ = રૂ. 1,000/-
મે 08	ચુકવણીની નિયત તારીખ	કુલ બાકી રકમ = રૂ. 20,000/- લઘુત્તમ બાકી રકમ = રૂ. 1,000/-
મે 14	કરિયાણાની ખરીદી	રૂ. 1,000/-
મે 15	કાર્ડ ખાતામાં ચુકવણી જમા	રૂ. 20,000/- (જમા)

આમ, 20 મે ના રોજ સ્ટેટમેન્ટમાં તમારી ચૂકવવાપાત્ર કુલ રકમના ભાગ રૂપે નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવશે:

વ્યાજની ગણતરી = (બાકી રકમ x 2.90% પ્રતિ માસ x 12 મહિના x દિવસોની સંખ્યા) / 365*

તેથી,

(a) વ્યાજ: રૂ. 15,000 પર 2.90% પ્રતિ માસના દરે 10 એપ્રિલથી 14 મે સુધી (એટલે કે 35 દિવસ માટે) = રૂ. 500.55

રૂ. 5,000 પર 2.90% પ્રતિ માસના દરે 15 એપ્રિલથી 14 મે સુધી (એટલે કે 30 દિવસ માટે) = રૂ. 143.01

રૂ. 1,000 પર 2.90% પ્રતિ માસના દરે 14 મેથી 20 મે સુધી (એટલે કે 6 દિવસ માટે) = રૂ. 5.72

આમ, કુલ વ્યાજ રૂ. 649.28 થશે.

(b) લેટ પેમેન્ટ ચાર્જ = રૂ. 750

(c) GST (@ 18%) વ્યાજ અને અન્ય શુલ્ક પર = રૂ. 251.87

(d) કુલ બાકી મુદ્દલ રકમ = રૂ. 1,000 (રૂ. 1,000 નવી ખરીદી).

(e) આથી, કુલ ચૂકવવાપાત્ર રકમ (Total Amount Due) = (a) + (b) + (c) + (d) = રૂ. 2,651.15

ઉદાહરણ 3 - રોકડ ઉપાડ (Cash Advance) વ્યવહારો પર વ્યાજ/સર્વિસ ચાર્જ:

ધારો કે તમે અગાઉના તમામ બાકી લેણાંની સંપૂર્ણ ચુકવણી કરી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ રકમ બાકી નથીતમારી સ્ટેટમેન્ટ તારીખ દરેક મહિનાની . 20મી છે તમારા કાર્ડ .ખાતા પર તમે કરેલા વ્યવહારોની સૂચિ નીચે મુજબ છે:

*વ્યાજની ગણતરી = (રોકડ ઉપાડની રકમ x 2.90% પ્રતિ માસ x 12 મહિના x દિવસોની સંખ્યા) / 365**

સાયકલ 1: 21 માર્ચ થી 20 એપ્રિલ

તારીખ	વ્યવહારનો પ્રકાર	રકમ	વિગત
એપ્રિલ 10	ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી	રૂ.15,000/-	ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવેલી ખરીદી
એપ્રિલ 15	કપડાં અને એસેસરીઝની ખરીદી	રૂ.5,000/-	ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવેલી ખરીદી

એપ્રિલ 18	રોકડ ઉપાડ	રૂ.10,000/-	ક્રેડિટ કાર્ડ પરથી રોકડ ઉપાડ
એપ્રિલ 18	કેશ એડવાન્સ ફી	રૂ.500/-	રૂ. 10,000 * 2.5% = રૂ. 250 જે રૂ. 500 કરતા ઓછા છે.
એપ્રિલ 18	કેશ એડવાન્સ ફી પર GST	રૂ.90/-	રૂ .500 * 18% = રૂ .90
એપ્રિલ 20	વ્યાજ	રૂ.19.07	ઇન્ટરેસ્ટ ઓન કેશ વીડ્રોઅલ ₹10,000 @ 2.90% pm from 18 એપ્રિલ to 20 એપ્રિલ (ઉદાહરણ તરીકે . 2 દિવસ માટે) = ₹19.07
એપ્રિલ 20	વ્યાજ પર GST	રૂ.3.43	₹19.07*18% = ₹3.43
એપ્રિલ 20	Statement Date	રૂ.30,612.50	કુલ બાકી રકમ

20મી એપ્રિલ ના રોજ જનરેટ થયેલા તમારા સ્ટેટમેન્ટમાં, તમારે ચૂકવવાની થતી કુલ રકમના ઘટકો નીચે મુજબ દર્શાવવામાં આવશે:

કુલ બાકી રકમ 20 એપ્રિલ = રૂ. 30612.50 અને ઓછામાં ઓછી બાકી રકમ = રૂ.2112.050

સાયકલ 2 - ૨૧ એપ્રિલ થી ૨૦ મે

જો તમે ૦૫ મે ના રોજ કુલ બાકી રકમ)TAD) ની ચુકવણી કરો છો, તો ૨૦ મે ના રોજ જનરેટ થનારા સ્ટેટમેન્ટમાં નીચે મુજબના ઘટકો જોવા મળશે:

તારીખ	વ્યવહારનો પ્રકાર	રકમ	વિગત
શરૂઆતની બાકી રકમ		રૂ 30,612.50	ગયા સ્ટેટમેન્ટની છેલ્લી બાકી રકમ
મે 5	ચુકવણી	રૂ 30,612.50	પાછલા સ્ટેટમેન્ટની કુલ બાકી રકમ સામે કરેલી ચુકવણી
મે 14	ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી	રૂ 1,000/-	ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવેલી ખરીદી
મે 20	વ્યાજ	રૂ 133.48	ઇન્ટરેસ્ટ ઓન કેશ વીડ્રોઅલ રૂ.10,000 @ 2.90% pm from 21 એપ્રિલ થી 5 મે (ઉદાહરણ તરીકે 14 દિવસ માટે) = રૂ.133.48
મે 20	વ્યાજ પર GST	રૂ 24.03	₹133.48*18%= ₹24.03

મે 20	સ્ટેટમેન્ટની તારીખ	રૂ 1157.51/-	કુલ બાકી રકમ

ક્રેડિટ કાર્ડ ધારકોએ ખાસ નોંધ લેવી કે કાર્ડ પર લાગતા ફાઇનાન્સ ચાર્જીસ (વ્યાજ) અને અન્ય આનુષંગિક શુલ્કમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર IDBI બેંક પોતાની પાસે અનામત રાખે છેઆ ચાર્જીસ બેંકની આંતરિક . વધુમાં .નીતિઓ મુજબ સમયાંતરે બદલાઈ શકે છે, જો કાર્ડધારક તેના ખાતા માટે નિર્ધારિત કરવામાં આવેલી ક્રેડિટ લિમિટ (ધિરાણ મર્યાદા) કરતા વધારે રકમનો વપરાશ કરે છે, તો તેવા કિસ્સામાં બેંક દ્વારા ખાતા પર 'ઓવર લિમિટ ચાર્જ' વસૂલવામાં આવશે.

વ્યાજનો દર કાર્ડના પ્રકાર મુજબ અલગ-અલગ હોય છે.

3. લિમિટ્સ

(i) ક્રેડિટ લિમિટ – IDBI બેંક તેના સંપૂર્ણ વિવેકાધિકારથી કાર્ડ મેમ્બરની મર્યાદાઓ એટલે કે, ક્રેડિટ લિમિટ અને રોકડ ઉપાડની મર્યાદા નક્કી કરશે. (એડ-ઓન કાર્ડ મેમ્બર માટે પણ આ જ સમાન મર્યાદા લાગુ પડશે). આ મર્યાદાઓ વિશે કાર્ડ મેમ્બરને વેલકમ લેટર અને માસિક સ્ટેટમેન્ટમાં જાણ કરવામાં આવે છે.

(ii) ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ - સ્ટેટમેન્ટ જનરેશન સમયે ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ માસિક સ્ટેટમેન્ટના ભાગરૂપે આપવામાં આવે છે. IDBI બેંક સમયાંતરે કાર્ડ મેમ્બરના ખાતાની સમીક્ષા કરશે અને આંતરિક માપદંડોના આધારે કાર્ડ મેમ્બરની ક્રેડિટ લિમિટ ઘટાડવાનો અધિકાર અનામત રાખે છે. જે કાર્ડ મેમ્બર્સ તેમની ક્રેડિટ લિમિટ વધારવા માંગતા હોય, તેઓ બેંકને પત્ર લખીને અને તેમની આવક દર્શાવતા નાણાકીય દસ્તાવેજો રજૂ કરીને વિનંતી કરી શકે છે. બેંક, તેના સંપૂર્ણ વિવેકાધિકાર અને પૂરા પાડવામાં આવેલા નવા દસ્તાવેજોના આધારે, કાર્ડ મેમ્બરની ક્રેડિટ લિમિટ વધારી શકે છે.

(iii) રોકડ ઉપાડ મર્યાદા – ગ્રાહક દ્વારા પસંદ કરવામાં આવેલ કાર્ડના પ્રકાર મુજબ રોકડ ઉપાડની મર્યાદા અલગ-અલગ હોઈ શકે છે. રોકડ ઉપાડની મર્યાદા ૨૦% થી ૭૦% સુધીની હોઈ શકે છે.

બિલિંગ અને ચુકવણી

(a) કાર્ડધારકના ખાતામાં કરવામાં આવેલી ચુકવણીની પતાવટ નીચે મુજબના ક્રમમાં કરવામાં આવશે:

૧. વ્યાજ ૨. ટેક્સ ૩. ફી ૪. રોકડ ૫. ઈએમઆઈ ૬. ખરીદી

(b) IDBI બેંક કાર્ડ મેમ્બરને માસિક સ્ટેટમેન્ટ મોકલશે, જેમાં છેલ્લા સ્ટેટમેન્ટ પછી કાર્ડ મેમ્બરના ખાતામાં જમા કરવામાં આવેલી ચુકવણીઓ અને ઉધાર કરવામાં આવેલા વ્યવહારો દર્શાવવામાં આવશે. બેંક દર મહિને એક પૂર્વનિર્ધારિત તારીખે, બેંકના રેકોર્ડમાં નોંધાયેલા પત્રવ્યવહારના સરનામે/ઈ-મેલ આઈડી પર વ્યવહારોનું સ્ટેટમેન્ટ

મોકલશે અને બેંકમાં નોંધાયેલા મોબાઈલ નંબર પર SMS દ્વારા મિની સ્ટેટમેન્ટ પણ મોકલશે.જોકે, સ્ટેટમેન્ટ ન મળવાને કારણે કાર્ડધારકની જવાબદારીઓ અને દેય રકમમાં કોઈ ફેરફાર થશે નહીં. જો બાકી નીકળતી રકમ ₹૫૦/- થી ઓછી હોય અને છેલ્લા સ્ટેટમેન્ટ પછી બિલિંગ માટે કોઈ નવો વ્યવહાર બાકી ન હોય, તો સ્ટેટમેન્ટ જારી કરવામાં આવશે નહીં. કાર્ડધારકોને તેમની સુવિધા મુજબ ક્રેડિટ કાર્ડના બિલિંગ ચક્રમાં ફેરફાર કરવા માટે ઓછામાં ઓછો એકવાર વિકલ્પ આપવામાં આવશે.

(c) IDBI બેંક કાર્ડ મેમ્બરને રિવોલ્વિંગ ક્રેડિટની સુવિધા આપે છે. કાર્ડ મેમ્બર સ્ટેટમેન્ટ પર દર્શાવેલ માત્ર 'લઘુત્તમ બાકી રકમ' ચૂકવવાનું પસંદ કરી શકે છે. બાકી નીકળતી રકમ આગામી સ્ટેટમેન્ટમાં આગળ ખેંચી શકાય છે. કાર્ડ મેમ્બર 'કુલ બાકી રકમ' અથવા લઘુત્તમ બાકી રકમથી વધુ કોઈપણ રકમ ચૂકવવાનું પસંદ કરી શકે છે. આવી ચુકવણી 'ચુકવણીની નિયત તારીખ' પહેલાં કરવી જોઈએ.લેટ પેમેન્ટ ચાર્જથી બચવા માટે, ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં IDBI બેંક ક્રેડિટ કાર્ડ ખાતામાં ચોખ્ખી રકમ જમા થવી જરૂરી છે. કાર્ડ મેમ્બર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ચુકવણીની નિયત તારીખના ઘણા સમય પહેલા સ્થાનિક ચેક જમા કરાવે જેથી નિયત તારીખ સુધીમાં કાર્ડ ખાતામાં ચુકવણી દેખાય. પાછલા સ્ટેટમેન્ટની કોઈપણ અવેતનિક લઘુત્તમ બાકી રકમ, કાર્ડ મેમ્બરની ક્રેડિટ લિમિટથી વધુ વપરાયેલ રકમ ઉપરાંત વર્તમાન 'લઘુત્તમ બાકી રકમ' માં ઉમેરવામાં આવશે.

ન્યૂનતમ બાકી રકમ (મિનિમમ અમાઉન્ટ ડ્યું - એમએડી) ની ગણતરી માટેનું ઉદાહરણ:

કાર્ડ મેમ્બર દ્વારા કરવામાં આવેલા તમામ ખર્ચની તાત્કાલિક ચુકવણી કરવાની જવાબદારીને આધીન, કાર્ડ મેમ્બર પાસે સ્ટેટમેન્ટમાં દર્શાવેલ 'ન્યૂનતમ બાકી રકમ' (એમએડી) નિયત તારીખ સુધીમાં ચૂકવવાનો વિકલ્પ રહેશે. ન્યૂનતમ બાકી રકમ કુલ બાકી રકમના ૫% અથવા IDBI બેંક દ્વારા તેના વિવેકાધિકારથી નક્કી કરવામાં આવેલી અન્ય કોઈ રકમ રહેશે. હપ્તા દ્વારા કરવામાં આવતી કોઈપણ ચુકવણીના કિસ્સામાં, સ્ટેટમેન્ટના સમયગાળા દરમિયાન બાકી રહેતી હપ્તાની રકમ તેમાં સામેલ હશે.

તેને 'ન્યૂનતમ બાકી રકમ' માં ઉમેરવામાં આવશે. જો કુલ બાકી રકમ ક્રેડિટ અથવા કેશ લિમિટ કરતા વધારે હોય, તો ક્રેડિટ અથવા કેશ લિમિટ જેટલી રકમથી વધી હોય તે વધારાની રકમનો પણ ન્યૂનતમ બાકી રકમમાં સમાવેશ કરવામાં આવશે. ન્યૂનતમ બાકી રકમમાં અગાઉના સ્ટેટમેન્ટની બાકી રહેલી ન્યૂનતમ રકમનો પણ સમાવેશ કરવામાં આવશે. જો નિયત તારીખ સુધીમાં 'કુલ બાકી રકમ' ચૂકવવામાં ન આવે, તો વ્યાજ વસૂલવામાં આવશે, ભલે તમે ન્યૂનતમ બાકી રકમ ચૂકવી દીધી હોય.જો ગ્રાહકે ક્રેડિટ કાર્ડની ચુકવણી માટે 'ઓટો ડેબિટ' સુવિધા નોંધાવી હોય અને 'ન્યૂનતમ બાકી રકમ' નો વિકલ્પ પસંદ કર્યો હોય, તો જો ગ્રાહકે નિયત તારીખ પહેલાં કોઈ ચુકવણી કરી નહીં હોય, તો તે જ દિવસે આ રકમ આપમેળે કપાઈ જશે. જો ગ્રાહકે નિયત તારીખ પહેલાં ન્યૂનતમ બાકી રકમ કરતા ઓછી રકમ ચૂકવી હશે, તો બાકી રહેતી તફાવતની રકમ ખાતામાંથી ઉધાર કરવામાં આવશે. જો ગ્રાહકે નિયત તારીખ પહેલાં ન્યૂનતમ બાકી રકમ જેટલી અથવા તેનાથી વધુ રકમ ચૂકવી દીધી

હશે, તો ગ્રાહકના ખાતામાંથી કોઈ વધારાની રકમ કાપવામાં આવશે નહીં.

જો તમે ₹૫,૦૦૦ ખર્ચો અને દર મહિને બરાબર 'ન્યૂનતમ બાકી રકમ' (ઓછામાં ઓછી ₹૧૦૦ ની ચુકવણીને આધીન) ચૂકવો, તો કુલ રકમ પાછી ચૂકવવામાં તમને ૬ વર્ષ અને ૬ મહિના સુધીનો સમય લાગી શકે છે. તેથી અમે સૂચવીએ છીએ કે જ્યારે પણ તમારી પાસે નાણાકીય સગવડ હોય, ત્યારે તમારી ન્યૂનતમ બાકી રકમ કરતા નોંધપાત્ર રીતે વધુ રકમ ચૂકવો.જો કાર્ડ મેમ્બર કાર્ડની બાકી રકમ કરતાં વધુ ચુકવણી કરે છે, તો કાર્ડ ખાતામાં જમા રકમ દેખાશે. આ રકમને કાર્ડ પરના પછીના વ્યવહારો સામે એડજસ્ટ કરવામાં આવશે. જોકે, આ વધારાની જમા રકમ પર કોઈ વ્યાજનો દાવો કરી શકાશે નહીં.

ધારો કે તમે અગાઉની તમામ બાકી લેણી રકમ પૂરેપૂરી ચૂકવી દીધી છે, અને તમારા ક્રેડિટ કાર્ડ ખાતામાં કોઈ પણ રકમ બાકી નથી, તેમજ તમારા કાર્ડનું માસિક સ્ટેટમેન્ટ દર મહિનાની ૨૦મી તારીખે જનરેટ થાય છે.

ટ્રાન્ઝેક્શનની તારીખ	પ્રકાર	જમા/ઉધાર	એમએડી કોન્ટ્રીબ્યુશન	રકમ
25th સપ્ટેમ્બર	ખરીદી	ઉધાર	5%	રૂ. 5000
1st ઓક્ટોબર	વાર્ષિક ફી	ઉધાર	100%	રૂ. 1499
1st ઓક્ટોબર	રોકડ ઉપાડ	ઉધાર	5%	રૂ. 2000
1st ઓક્ટોબર	રોકડ ઉપાડવા પર લાગતી ફી	ઉધાર	100%	રૂ. 500
20th ઓક્ટોબર	રોકડ ઉપાડ પર વ્યાજ	ઉધાર	100%	રૂ. 38.14
20th ઓક્ટોબર	જીએસટી	ઉધાર	100%	રૂ. 366.68

ન્યૂનતમ બાકી રકમ (એમએડી) ની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

એમએડી = 5% (રિટેઇલ સ્પેન્ડસ + કેશ એડવાન્સ) + 100 % ફીસ /ચાર્જીસ + 100% ઇન્ટરેસ્ટ / ફાઇનાન્સ ચાર્જીસ + ઈએમઆઈ રકમ + જીએસટી

એમએડી = 5 %* (₹5000+ ₹2000) + 100 %* (₹1499 + ₹500) + 100% * (₹38.14 + ₹366.68) = ₹2753.82

મિનિમમ અમાઉન્ટ ડ્યું રૂ. 2753.82

<u>ન્યૂનતમ બાકી રકમની સમયસર ચુકવણી ન કરવાથી થતા ગંભીર પરિણામો નીચે મુજબ છે:</u>

ગ્રાહક જો ડ્યું ડેટ ના રોજ અથવા તે પહેલાં ઓછામાં ઓછી ન્યૂનતમ બાકી રકમ (એમએડી) ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેના પર લાગુ પડતા દર મુજબ લેટ પેમેન્ટ ફી અને ફાઇનાન્સ/સર્વિસ ચાર્જિસ વસૂલવામાં આવશે.તદુપરાંત, નિયત તારીખથી પેમેન્ટમાં થયેલા વિલંબના દિવસો અને બાકી રકમની વિગતો સાથે ગ્રાહકને ક્રેડિટ ઇન્ફોર્મેશન

કંપનીઓ (સીઆઈસીએસ) પાસે 'ડિફોલ્ટર' તરીકે રિપોર્ટ કરવામાં આવશે.

ઉદાહરણ ૧: નિયત તારીખ (Due Date) પછી લઘુત્તમ બાકી રકમ (MAD) ની ચુકવણી

નીચે આપેલું ઉદાહરણ એ સમજાવશે કે જો તમે નિયત તારીખ સુધીમાં 'લઘુત્તમ બાકી રકમ' (Minimum Amount Due) ની ચુકવણી નથી કરતા, તો વિવિધ શુલ્ક (charges) ની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે.

ધારો કે તમે અગાઉના તમામ લેણાંની પૂરેપૂરી ચુકવણી કરી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ પણ રકમ બાકી નથી. તમારા સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની ૨૦મી છે. તમારા કાર્ડ એકાઉન્ટ પર કરવામાં આવેલા વ્યવહારોની યાદી નીચે મુજબ છે:

તારીખ	વિગત	રકમ
એપ્રિલ 10	ઘરવખરીના સામાનની ખરીદી	રૂ, 15,000/-
એપ્રિલ 15	કપડાં અને અન્ય એસેસરીઝની ખરીદી	રૂ, 5,000/-
એપ્રિલ 20	સ્ટેટમેન્ટની તારીખ	કુલ બાકી રકમ = રૂ, 20,000/- લઘુત્તમ બાકી રકમ = રૂ, 1,000/-
મે 08	ચુકવણીની છેલ્લી તારીખ	કુલ બાકી રકમ = રૂ, 20,000/- લઘુત્તમ બાકી રકમ= રૂ. 1,000/-
મે 12	કાર્ડ એકાઉન્ટમાં જમા કરાવેલી રકમ	રૂ. 2,000/- (જમા)
મે 14	કરિયાણાની ખરીદી	રૂ. 1,000/-
મે 15	કાર્ડ એકાઉન્ટમાં જમા કરાવેલી રકમ	રૂ.15,000/- (જમા)
મે 20	સ્ટેટમેન્ટની તારીખ	કુલ બાકી રકમ = રૂ 5661.26 લઘુત્તમ બાકી રકમ = રૂ 1861.26

ગ્રાહકે નિયત તારીખે અથવા તે પહેલાં 'લઘુત્તમ બાકી રકમ' (MAD) ની ચુકવણી કરી નથી, તેથી ગ્રાહકને તમામ ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CICs) ને 'ડિફોલ્ટર' (બાકીદાર) તરીકે રિપોર્ટ કરવામાં આવશે. આ ઉપરાંત, ગ્રાહકને નીચે મુજબના ચાર્જ લાગશે:

લેટ પેમેન્ટ ફી : રૂ. ૭૫૦ + રૂ. ૧૩૫ (૧૮% GST) = રૂ.

૮૮૫

ફાયનાન્સ/સર્વિસ ચાર્જ -

વ્યાજનો દર દર મહિને ૨.૯૦% ગણતા:

- રૂ. ૧૫,000 પર વ્યાજ: ૧૦ એપ્રિલ થી ૧૧ મે (૩૨ દિવસ માટે) = રૂ. ૪૫૭.૬૪
- રૂ. ૧૩,000 પર વ્યાજ: ૧૨ મે થી ૧૪ મે (૩ દિવસ માટે) = રૂ. ૩૭.૧૮
- રૂ. ૫,000 પર વ્યાજ: ૧૫ એપ્રિલ થી ૧૪ મે (૩0 દિવસ માટે) = રૂ. ૧૪૩.0૧
- રૂ. ૩,000 પર વ્યાજ: ૧૫ મે થી ૨૦ મે (૬ દિવસ માટે) = રૂ. ૧૪.૩0
- રૂ. ૧,000 પર વ્યાજ (નવી ખરીદી): ૧૪ મે થી ૨૦ મે (૬ દિવસ માટે) = રૂ. ૫.૭૨

કુલ વ્યાજ: રૂ. ૬૫૭.૮૫ + રૂ. ૧૧૮.૪૧ (૧૮% GST) = રૂ. ૭૭૬.૨૬

કુલ બાકી રકમ: રૂ. ૪,000 (રૂ. ૨0,000 + રૂ. ૧,000 - રૂ. ૨000 - રૂ. ૧૫,000) + રૂ. ૮૮૫ (લેટ ફી) + રૂ. ૭૭૬.૨૬ (વ્યાજ) = રૂ. ૫,૬૬૧.૨૬

૨૦મી મે ના સ્ટેટમેન્ટ મુજબ લઘુત્તમ બાકી રકમ (MAD):
લઘુત્તમ રકમની ગણતરી: (છૂટક ખરીદી/બાકી રકમના ૫%) + ૧00% GST + ૧00% વ્યાજ + ૧00% લેટ પેમેન્ટ ચાર્જ
ગણતરી: રૂ. ૨૦૦ (રૂ. ૪,000 ના ૫%) + રૂ. ૭૫0 + રૂ. ૬૫૭.૮૫ + રૂ. ૨૫૩.૪૧ (કુલ GST) = રૂ. ૧,૮૬૧.૨૬

ઉદાહરણ ૨: નિયત તારીખે અથવા તે પહેલાં MAD ની ચુકવણી (પરંતુ પૂરેપૂરી રકમ ચૂકવેલ ન હોય)

નીચે આપેલું ઉદાહરણ એ સમજાવશે કે જો તમે નિયત તારીખ સુધીમાં 'લઘુત્તમ બાકી રકમ' (Minimum Amount Due) અથવા તેનાથી વધુ રકમ ચૂકવો છો, પરંતુ 'કુલ બાકી રકમ' (Total Amount Due) થી ઓછી રકમ ચૂકવો છો, તો વિવિધ શુલ્કની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે.

ધારો કે તમે અગાઉના તમામ લેણાંની પૂરેપૂરી ચુકવણી કરી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ પણ રકમ બાકી નથી. તમારા સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની ૨૦મી છે. તમારા કાર્ડ એકાઉન્ટ પર કરવામાં આવેલા વ્યવહારોની યાદી નીચે મુજબ છે:

તારીખ	વિગત	રકમ
એપ્રિલ 10	ઘરવખરીના સામાનની ખરીદી	રૂ. 15,000/-
એપ્રિલ 15	કપડાં અને અન્ય એસેસરીઝની ખરીદી	રૂ. 5,000/-
એપ્રિલ 20	સ્ટેટમેન્ટની તારીખ	કુલ બાકી રકમ= રૂ. 20,000/- લઘુત્તમ બાકી રકમ = રૂ. 1,000/-
મે 01	કાર્ડ એકાઉન્ટમાં જમા કરાવેલી રકમ	રૂ. 4,000/-

મે08	ચુકવણીની છેલ્લી તારીખ	કુલ બાકી રકમ = રૂ.16,000/- લઘુત્તમ બાકી રકમ = 0
મે 14	કરિયાણાની ખરીદી	રૂ.1,000/-
મે 20	સ્ટેટમેન્ટની તારીખ	કુલ બાકી રકમ = રૂ. 17,793.16 લઘુત્તમ બાકી રકમ= રૂ. 1643.16

ગ્રાહકે નિયત તારીખે અથવા તે પહેલાં 'લઘુત્તમ બાકી રકમ' (MAD) ની ચુકવણી કરી દીધી હોવાથી, તેમને તમામ ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CICs) ને 'ડિફોલ્ટર' (બાકીદાર) તરીકે રિપોર્ટ કરવામાં આવશે નહીં. ગ્રાહક પર નીચે મુજબના શુલ્ક લાગુ થશે:

લેટ પેમેન્ટ ફી : શૂન્ય

ફાયનાન્સ/સર્વિસ ચાર્જ (વ્યાજની ગણતરી):
વ્યાજનો દર દર મહિને ૨.૯૦% ગણતા:

- રૂ. ૧૫,૦૦૦ પર વ્યાજ: ૧૦ એપ્રિલ થી ૩૦ એપ્રિલ (૨૧ દિવસ માટે) = રૂ. ૩૦૦.૩૩
- રૂ. ૧૧,૦૦૦ પર વ્યાજ: ૦૨ મે થી ૨૦ મે (૧૯ દિવસ માટે) = રૂ. ૧૯૯.૨૬
- રૂ. ૫,૦૦૦ પર વ્યાજ: ૧૫ એપ્રિલ થી ૨૦ મે (૩૫ દિવસ માટે) = રૂ. ૧૬૬.૮૫
- રૂ. ૧,૦૦૦ પર વ્યાજ: ૧૪ મે થી ૨૦ મે (૬ દિવસ માટે) = રૂ. ૫.૭૨

કુલ વ્યાજ: રૂ. ૬૭૨.૧૬ + રૂ. ૧૨૧.૦૦ (૧૮% GST) = રૂ. ૭૯૩.૧૬

કુલ બાકી રકમ (Total Amount Due):

રૂ. ૧૭,૦૦૦ (રૂ. ૨૦,૦૦૦ + રૂ. ૧,૦૦૦ - રૂ. ૪,૦૦૦) + રૂ. ૬૭૨.૧૬ (વ્યાજ) + રૂ. ૧૨૧ (GST) = રૂ. ૧૭,૭૯૩.૧૬

૨૦મી મે ના સ્ટેટમેન્ટ મુજબ લઘુત્તમ બાકી રકમ (MAD):

લઘુત્તમ રકમની ગણતરી: (છૂટક ખરીદી/બાકી રકમના ૫%) + ૧૦૦% GST + ૧૦૦% વ્યાજ

ગણતરી: રૂ. ૮૫૦ (રૂ. ૧૭,૦૦૦ ના ૫%) + રૂ. ૬૭૨.૧૬ + રૂ. ૧૨૧ = રૂ. ૧,૬૪૩.૧૬

ઉદાહરણ ૩: નિયત તારીખે અથવા તે પહેલાં TAD ની પૂરેપૂરી ચુકવણી

નીચે આપેલું ઉદાહરણ એ સમજાવશે કે જ્યારે 'કુલ બાકી રકમ' (Total Amount Due) ની ચુકવણી નિયત તારીખ સુધીમાં કરી દેવામાં આવે, ત્યારે શુલ્કની ગણતરી કેવી રીતે થાય છે.
ધારો કે તમે અગાઉના તમામ લેણાંની પૂરેપૂરી ચુકવણી કરી દીધી છે અને તમારા IDBI બેંક ક્રેડિટ કાર્ડમાં કોઈ પણ રકમ બાકી નથી. તમારા સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની ૨૦મી છે. તમારા કાર્ડ એકાઉન્ટ પર કરવામાં આવેલા વ્યવહારોની યાદી નીચે મુજબ છે:

Date	Particulars	Amount
April 10	Purchase of Household Goods	₹15,000/-
April 15	Purchase of Garments and Accessories	₹5,000/-
April 20	Statement Date	Total Amount Due = ₹20,000/- Minimum Amount Due = ₹1,000/-
May 01	Payment into Card Account	₹ 20,000/-
May 08	Payment Due Date	Total Amount Due = 0 Minimum Amount Due = 0
May 14	Purchase of Groceries	₹1,000/-
May 20	Statement Date	Total Amount Due = ₹1000 Minimum Amount Due = ₹50

૨૦મી મે (એટલે કે પછીની સ્ટેટમેન્ટ તારીખ) સુધી કાર્ડ પર અન્ય કોઈ ચુકવણી કરવામાં આવી નથી. કાર્ડ પર દર મહિને
૨.૯૦% વ્યાજ દર ગણીએ તો, વ્યાજ અને શુલ્ક નીચે મુજબ લાગુ થશે:

i) વ્યાજ શુલ્ક - શૂન્ય ii) GST શુલ્ક - શૂન્ય iii) કુલ બાકી નીકળતી રકમ = રૂ. ૧,૦૦૦ તેથી, ૨૦મી મે ના સ્ટેટમેન્ટમાં કુલ બાકી રકમ (i) + (ii) + (iii) = રૂ. ૧,૦૦૦ થશે.
(a) જો ચુકવણીની નિયત તારીખ પહેલાં IDBI બેંક ક્રેડિટ કાર્ડ ખાતામાં રકમ જમા નહીં થાય, તો બેંક તેના વિવેકબુદ્ધિથી કાર્ડનો આગળનો વપરાશ બ્લોક કરી શકે છે. (b) કાર્ડની બાકી રકમ પેટે કરેલી ચુકવણીઓ પછીના સ્ટેટમેન્ટમાં સ્વીકારવામાં આવે છે. (c) જો કાર્ડ ધારક દ્વારા આપવામાં આવેલી કોઈપણ ચુકવણીની સૂચના (દા.ત. ચેક) અસ્વીકૃત (dishonoured) થાય, તો કાર્ડની સુવિધાઓ સ્થગિત / રદ કરવામાં આવી શકે છે અને બેંકના વિવેકબુદ્ધિ અનુસાર 'ફી અને શુલ્કની અનુસૂચિ' માં જણાવ્યા મુજબ કાર્ડ ખાતામાં ફી વસૂલવામાં આવશે. આવી ફીની રકમ બેંકના વિવેકબુદ્ધિથી બદલાવાને પાત્ર છે. બેંક યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. (d) માસિક એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ બેંક દ્વારા કાર્ડ ધારકને વિનંતીના અગાઉના બાર મહિના સુધીના સમયગાળા માટે

જ પૂરી પાડવામાં આવશે, જે 'ફી અને શુલ્કની અનુસૂચિ' માં નિર્દિષ્ટ સર્વિસ ચાર્જની ચુકવણીને આધિન રહેશે અને તે બેંકના વિવેકબુદ્ધિથી બદલી શકાય છે. (e) તમારા પત્રવ્યવહારના સરનામાં / ઇમેઇલ સરનામાં / મોબાઇલ નંબરમાં કોઈપણ ફેરફારના કિસ્સામાં, તમને સલાહ આપવામાં આવે છે કે તમે નિયમિતપણે અને સમયસર સ્ટેટમેન્ટ મેળવતા રહો તે સુનિશ્ચિત કરવા માટે તરત જ બેંકનો સંપર્ક કરો અને તેને અપડેટ કરાવો. (f) કાર્ડ ખાતામાં ચુકવણી નીચેનામાંથી કોઈપણ રીતે કરી શકાય છે:

1. ઓટો-ડેબિટ સુવિધા - તમારા IDBI બેંક બચત/ચાલુ ખાતામાંથી દર મહિને સીધી કુલ બાકી રકમ / લઘુત્તમ બાકી રકમ કાપવા માટે IDBI બેંકને અધિકૃત કરો અને તે રકમ તમારા કાર્ડ ખાતામાં જમા કરવામાં આવશે.
2. નેટ બેંકિંગ - IDBI બેંક નેટ બેંકિંગ દ્વારા તમારા IDBI બેંક બચત/ચાલુ ખાતામાંથી સીધા ડેબિટ દ્વારા ક્રેડિટ કાર્ડના લેણાંની ચુકવણી કરો.
3. NEFT - તમારી IDBI બેંક ક્રેડિટ કાર્ડ બિલની ઓનલાઇન ચુકવણી કરવા માટે NEFT સુવિધા આપતી અન્ય બેંકના ખાતાનો ઉપયોગ કરો. IFSC કોડ "IBKL0NEFT01" નો ઉપયોગ કરો અને બેંક તરીકે "IDBI Bank Ltd." અને લાભાર્થી ખાતા નંબર તરીકે ક્રેડિટ કાર્ડ નંબર ઉમેરો.
4. ચેક / ડ્રાફ્ટ - IDBI બેંકની શાખાઓ અને ATM માં રાખવામાં આવેલ કોઈપણ IDBI બેંક ડ્રોપ બોક્સમાં તમારો ચેક/ડ્રાફ્ટ નાખો. ચેક/ડ્રાફ્ટ 'IDBI Bank Card Number xxxx-xxxx-xxxx-xxxx of <કાર્ડ પર લખેલું નામ>' ના નામે ચૂકવવાપાત્ર હોવો જોઈએ.

5. રોકડ (*Cash*) - કોઈ પણ *IDBI* બેંકની શાખાની મુલાકાત લો અને પે-ઈન સ્લિપમાં કાર્ડ નંબર, રકમ અને સંપર્ક નંબર લખીને ક્રેડિટ કાર્ડના લેણાંની ચુકવણી કરો.

6. IPay - અન્ય બેંક ખાતામાંથી સીધા જ તમારા કાર્ડ ખાતામાં ઓનલાઇન ચુકવણી કરો.

7. Visa મની ટ્રાન્સફર - વિઝા ફ્રેન્ચાઇઝી ક્રેડિટ કાર્ડના કિસ્સામાં, *Visa* મની ટ્રાન્સફરનો ઉપયોગ કરીને અન્ય બેંક ખાતા દ્વારા ઓનલાઇન ચુકવણી કરો. *Visa* મની ટ્રાન્સફર માટેનો શુલ્ક ચુકવણી શરૂ કરનાર બેંક દ્વારા લેવામાં આવી શકે છે.

નોંધ: કાર્ડધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ચુકવણીની નિયત તારીખ (*Payment Due Date)* પહેલાં સારી રીતે ચુકવણી કરી દે, જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે ચુકવણીની રકમ નિયત તારીખે અથવા તે પહેલાં જમા થઈ જાય. કાર્ડધારકોને તેમના ક્રેડિટ કાર્ડના લેણાં ઉપર જણાવેલ પદ્ધતિઓ દ્વારા જ ચૂકવવાની સલાહ આપવામાં આવે છે. *IDBI* બેંક સાથે સંલગ્ન ન હોય તેવી થર્ડ પાર્ટી એપ્સ (*3rd party apps)* સહિતની અન્ય પદ્ધતિઓ/ચેનલો દ્વારા કરવામાં આવેલી ચુકવણીના ક્લિયરન્સમાં વધુ સમય (*TAT)* લાગી શકે છે. જો નિયત તારીખ સુધીમાં ભંડોળ પ્રાપ્ત ન થાય, તો કાર્ડના પ્રકાર મુજબ લાગુ પડતા શુલ્ક લેવામાં આવશે. બિન-સંલગ્ન ચેનલો દ્વારા કરવામાં આવેલી ચુકવણીના વિલંબ અથવા તે જમા ન થવાને કારણે ઉદ્ભવતા કોઈ પણ પ્રશ્નો માટે ગ્રાહક સીધા સંબંધિત ચેનલનો સંપર્ક કરી શકે છે.

(j) બિલિંગ વિવાદો (*Billing Disputes):* જો કાર્ડધારક સ્ટેટમેન્ટની તારીખથી *60* દિવસની અંદર લેખિતમાં કોઈ

વિસંગતતા વિશે *IDBI* બેંકને જાણ નહીં કરે, તો સ્ટેટમેન્ટની તમામ વિગતો સાચી અને સ્વીકૃત માનવામાં આવશે.

- પોસ્ટ દ્વારા: મેનેજર, *IDBI* બેંક લિમિટેડ, *CPU* - ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન, *IDBI* બિલ્ડિંગ, ત્રીજો માળ, પ્લોટ નં: *39/40/41*, સેક્ટર-*11*, *CBD*-બેલાપુર, નવી મુંબઈ, પિન-*400614.*
- ઈમેલ દ્વારા: *customercare@idbi.co.in*

આવી માહિતી મળ્યા પછી, *IDBI* બેંક તપાસ બાકી હોય ત્યાં સુધી અસ્થાયી ધોરણે ચાર્જ રદ (*reverse*) કરી શકે છે. જો તપાસ પૂર્ણ થયા પછી તે ચાર્જ માટે કાર્ડધારક જવાબદાર ઠરશે, તો તે ચાર્જ અને તેની સાથે જોડાયેલ 'રિટ્રાઇવલ રિક્વેસ્ટ' ચાર્જીસ (*retrieval requests charges)* પછીના સ્ટેટમેન્ટમાં ફરીથી ઉમેરવામાં આવશે.

(k) સંપર્ક વિગતો (*Contact Particulars):* કાર્ડધારક કોઈ પણ પૂછપરછ અથવા ફરિયાદ નિવારણ માટે નીચેના માધ્યમો દ્વારા *IDBI* બેંક ક્રેડિટ કાર્ડ્સનો સંપર્ક કરી શકે છે:

- *24* કલાક ક્રેડિટ કાર્ડ કસ્ટમર કેર: *1800-209-4324 / 1800-22-1070* (ટોલ ફ્રી) / *022-67719100* (નોન-ટોલ ફ્રી)
- પોસ્ટ દ્વારા: મેનેજર, *IDBI* બેંક લિમિટેડ, *CPU* - ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન, *IDBI* બિલ્ડિંગ, ત્રીજો માળ, પ્લોટ નં: *39/40/41*, સેક્ટર-*11*, *CBD*-બેલાપુર, નવી મુંબઈ, પિન-*400614.*
- ઈમેલ દ્વારા: *customercare@idbi.co.in*

4. ડિફોલ્ટ અને સંજોગો

- જો કાર્ડ સભ્ય બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ નિયત તારીખ સુધીમાં 'ન્યૂનતમ બાકી રકમ' *(Minimum Amount Due)* ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેને 'ઓવર-ડ્યુ' (બાકી નીકળતી રકમ) તરીકે ગણવામાં આવશે. આવા કિસ્સામાં, જો કાર્ડ સભ્ય આગામી બિલિંગ તારીખ સુધી પણ ચુકવણી ન કરે, તો બેંક ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો (*CIBIL* વગેરે) અથવા કાયદા દ્વારા માન્ય અન્ય એજન્સીઓને ડિફોલ્ટ રિપોર્ટ મોકલી શકે છે. બે બિલિંગ તારીખો વચ્ચેના સમયગાળાને કાર્ડ સભ્યને ડિફોલ્ટર (બાકીદાર) તરીકે જાહેર કરવા માટેની નોટિસ અવધિ ગણવામાં આવશે.

- કાર્ડધારક કરાર અથવા 'સૌથી મહત્વની શરતો અને નિયમો' *(MITC)* ની અન્ય કોઈ કલમમાં વિસંગતતા હોવા છતાં, વધુમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે જો કાર્ડધારક *90* દિવસ સુધી ન્યૂનતમ બાકી રકમની ચૂકવણી નહીં કરે, તો આ કરાર હેઠળ *IDBI* બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી ક્રેડિટ કાર્ડ સેવા સમાપ્ત થઈ જશે. તેમ છતાં, કાર્ડધારક *90* દિવસ સુધીની કોઈપણ વણચૂકવાયેલી રકમ વત્તા *90* દિવસ પછીના સમયગાળા માટે *IDBI* બેંક તેની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓ મુજબ પોતાના વિવેકબુદ્ધિથી જે ફાઇનાન્સ ચાર્જ અથવા વિલંબિત ચૂકવણીનું વ્યાજ લાગુ કરે, તે ચૂકવવા માટે જવાબદાર રહેશે.

